# Surat Municipal Corporation
## e-Magazine

Issue 12
July 29, 2005


### સુરત શહેરની સુંદરતામાં વધારો કરતા ટ્રાફીક આઈલેન્ડ



સુરત શહેરની શોભા વધે તથા ટ્રાફિકનું નિયમન થાય તે હેતુથી સુરત મહાનગરપાલિક ધ્વારા વિવિધ ટ્રાફિક ઈજનેરી કામો કરવામાં આવે છે તે પૈકી " ટ્રાફિક આઈલેન્ડ " એક ખૂબજ ધ્યાનાકર્ષક નિર્માણ છે. ટ્રાફિક આઈલેન્ડમાં ઓપરેટીંગ કોસ્ટ ઝીરો છે, જયારે સિગ્નલમાં ઓપરેટીંગ કોસ્ટ ખૂબજ ઉંચી હોય છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### "સ્લમ ફ્રી સુરત"– પ્રેઝન્ટેશન

સુરત મહાનગરપાલિકાએ તૈયાર કરેલ " વિઝન ડોકયુમેન્ટ–૨૦૨૦" માં સુરત શહેરને વર્ષ ૨૦૨૦ સુધીમાં ઝુપડપટ્ટી મુકત શહેર બનાવવાનું લક્ષ સેવેલ છે. છેલ્લા ચાર વર્ષથી સુરત મહાનગરપાલિકા ઝુપડાવાસીઓ માટે પાકા મકાનો નું નિર્માણ કરી રહેલ છે અને આજ સુધીમાં સુમારે ૪૦૦૦ ઝુપડાવાસીઓને પાકા રહેણાંકના મકાનો પૂરા પાડયા છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### રાંદેર ઝોન વિસ્તારમાં શહેરી આરોગ્ય કેન્દ્ર તથા વિવિધલક્ષી વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ



શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અનવ્યે સુરત મહાનગરપાલિકા દ્વારા પશ્ચિમ ઝોન (રાંદેર) અડાજણ વિસ્તારમાં સાકારિત શહેરી આરોગ્ય કેન્દ્રની ઉદઘાટનવિધિ ડો. વિનોદભાઈ એચ. શાહના વરદહસ્તે તથા વિવિધલક્ષી વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માના વરદહસ્તે તેમજ મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણના પ્રમુખપદે તા.૨૨–૦૭–૨૦૦૫ના રોજ શુક્રવારે સવારે રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

### મહાનગરપાલિકાને ફિઝ્યોથેરાપી અને નીર્સીંગ કોલેજ શરૂ કરવાની રાજય સરકારની મંજૂરી

સુરત મહાનગરપાલિકાને સ્મીમેર બાદ રાજય સરકાર ધ્વારા ફિઝીયોથેરાપી તેમજ નર્સીંગ કોલેજ પણ શરૂ કરવાની સંમતિ મળી હોવાનું મ્યુનિ. કમિ. પંકજ જોષીએ જણાવ્યું હતું. મહાનગરપાલિકાએ બંને કોલેજોમાં ૫૦–૫૦ સીટ માટેની પુરતી તૈયારી કરી તેની મંજૂરી માટે રાજય સરકાર સમક્ષ માંગણી કરી હતી. મહાપાલિકા ધ્વારા કરવામાં આવેલી માંગણીને પગલે રાજય સરકારે ૩૦ સીટની ફિઝીયોથેરાપી કોલેજ તેમજ ૩૦ સીટની નર્સીંગ કોલેજ માટે મંજુરી આપી છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### ન.પ્રા.શિ.સ.ની શાળાઓ માટે સાંસ્કૃતિક ભવનનું આયોજન

મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો માટે રૂા. ૩૦.૧૫ લાખના ખર્ચે અલગ સાંસ્કૃતિકભવન તૈયાર કરવા માટે બાંધકામ સમિતિએ મંજુરી આપી છે.ગોપીપુરા–બાવાસીદી ટેકરા પરના અનામત પ્લોટ પર એક માળના મકાનમાં માળ ઉપર સાંસ્કૃતિક ભવન તૈયાર કરવામાં આવશે. ભોંયતળિયે વાંચનાલયનું આયોજન પણ કરવામાં આવ્યું છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરની સુંદરતામાં વધારો કરતા ટ્રાફીક આઈલેન્ડ

સુરત શહેરની શોભા વધે તથા ટ્રાફિકનું નિયમન થાય તે હેતુથી સુરત મહાનગરપાલિક ધ્વારા વિવિધ ટ્રાફિક ઈજનેરી કામો કરવામાં આવે છે તે પૈકી " ટ્રાફિક આઈલેન્ડ " એક ખૂબજ ધ્યાનાકર્ષક નિર્માણ છે. ટ્રાફિક આઈલેન્ડમાં ઓપરેટીંગ કોસ્ટ ઝીરો છે, જયારે સિગ્નલમાં ઓપરેટીંગ કોસ્ટ ખૂબજ ઉચી હોય છે.



લોકભાગીદારી થી તથા સ્વખર્ચે મહાનગરપાલિકાએ ખૂબખૂબ સારા સુશોભીત ટ્રાફિક આઈલેન્ડ બનાવ્યા છે જેમાં ચાલુ નાંણાકિય વર્ષે વધુ બે ટ્રાફિક આઈલેન્ડનો તેમાં ઉમેરો થાય છે. એક આઈલેન્ડ કતારગામ ઝોનમાં ભૂલાભાઈ પાર્ક જંકશન ખાતે બનાવવામાં આવેલછે. આ આઈલેન્ડમાં " પ્રારબ્ધ " concept નો ઉપયોગ કરી બાર રાશિઓ ( રાશિચક્ર ) તથા સૂર્યની પ્રતિકૃતિ આલેખવામાં આવેલ છે. માનવીનું પ્રારબ્ધ બાર રાશિઓ પર આધાર રાખતુ હોય બારેબાર રાશિઓ સ્ટેનલેશ સ્ટીલના ૮' – ૦૦" વ્યાસના ગુંબજ પર આલેખવામાં આવી છે. જયારે ટ્રાફિક આઈલેન્ડની કર્બ પર સૂર્યનું પ્રતિબિંબ કંડારવામાં આવેલ છે. સ્ટેનલેસ સ્ટીલના ગુંબજ પર નીચેથી ફુવારાઓની સેર છોડવામાં આવેલ છે. રંગબેરંગી લાઈટો તથા ફોકસમાં આ ફુવારો રોશની થી ઝળહળી ઉઠે છે ત્યારે એક નયનરમ્ય કૃતિ સર્જાયેલી જોવા મળે છે.



બીજો એક ટ્રાફિક આઈલેન્ડ અડાજણના સંગીત સરિતા અપાર્ટમેન્ટ જંકશન પાસે બનાવવામાં આવેલ છે જેમાં ૨૩' – ૦૦''' ઉચાઈની વિશિષ્ટ હિંદુ આર્કીટેકચરની છત્રી જેસલમેર સ્ટોનમાંથી બનાવવામાં આવેલ છે. દુનિયાભરમાં ભારત જ એક એવુ રાષ્ટ્ર છે જેમાં દુનિયાના તમામ આર્કિટેકચર એક સાથે જોવા મળે છે જેવાંકે નચ્ભ્ભ્ક્ષ ળ ચ:?બ્ધ ળ બ્રિટીશ / મુગલ તેમજ હિંદુ, ઈસ્લામિક, આર્કિટેકચર વિ. વિ. જયારે અન્ય રાષ્ટ્રમાં ફકત તે રાષ્ટ્રના જ સ્થાપત્ય જોવા મળે છે.

આ પૈકી જેસલમેર સ્ટોનમાંથી બનાવેલ છત્રી રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે. આ છત્રીનો વ્યાસ ૨૪ ફુટ છે. અને તેને કન્સીલ્ડ વાયરીંગ કરી અંદરથી ઝીલમીલ આસ્માની પ્રકાશથી રોમાંચક બનાવવામાં આવેલ છે.

તદ્દઉપરાંત આ માસના અંત સુધીમાં મહાનગરપાલિકા ધ્વારા લોકભાગીરદારી થી અન્ય બે ટ્રાફિક આઈલેન્ડ પણ પ્રજાને અર્પણ કરશે જેમાં પાર્લે પોઈન્ટ પરના ખૂબજ મહત્વના જંકશન પર જગ પ્રસિધ્ધ અજાય બી " એફિલ ટાવર " ની ૮૦' – ૦૦" ઉચી પ્રતિકૃતિ મૂકવામાં આવી રહેલ છે તે, અને કતારગામના લલીતા ચોકડી જંકશન પર " પુરુષાર્થ " ને ચરિતાર્થ કરતો બીજા ટ્રાફિક આઈલેન્ડ છે. એફિલ ટાવરની પ્રતિકૃતિ વિશ્વમાં પ્રથમવાર બની છે જે એક ઉપલબ્ધિ છે.



આ ઉપરાંત કદમપલ્લી સ્નેહ મિલન બાગ સામે આવેલ ટ્રાફિક આઈલેન્ડમાં " લાફીંગ બુદ્ધા " ની પ્રતિમા રીવોલ્વીંગ પ્લેટ ફોર્મ પર મૂકવામાં આવશે જે પણ આ શહેરનું એક નવલુ નજરાણુ ગણાશે. સતત તાણ અને પ્રેસરમાં જીવતા લોકોને હાસ્યથી તંદુરસ્તી પ્રાપ્ત થાય છે એવો સંદેશ આ ટ્રાફિક આઈલેન્ડથી પ્રજાને આપવાનો એક નમ્ર પ્રયાસ છે.

વધુમાં આવતા મહિનાની શરૂઆતમાં સીટી લાઈટ રોડ પર એન્ટીક મોટર કાર (Vintage Car) " બીટલ " ની Actual Chassis મૂકવામાં આવી રહી છે જે પણ એક નમુનેદાર પ્રતિકૃતિ લેખાશે.

TOP

## ''સ્લમ ફ્રી સુરત''– પ્રેઝન્ટેશન

સુરત મહાનગરપાલિકાએ તૈયાર કરેલ '' વિઝન ડોકયુમેન્ટ–૨૦૨૦'' માં સુરત શહેરને વર્ષ ૨૦૨૦ સુધીમાં ઝુપડપટ્ટી મુકત શહેર બનાવવાનું લક્ષ સેવેલ છે. છેલ્લા ચાર વર્ષથી સુરત મહાનગરપાલિકા ઝુપડાવાસીઓ માટે પાકા મકાનો નું નિર્માણ કરી રહેલ છે અને આજ સુધીમાં સુમારે ૪૦૦૦ ઝુપડાવાસીઓને પાકા રહેણાંકના મકાનો પૂરા પાડયા છે.

શહેરને સમયબધ્ધ કાર્યક્રમમાં ઝુપડપટ્ટી મુકત કરી શકાય તે દિશામાં આ ક્ષેત્રના અનુભવી એવા ''એમ.એમ.કન્સલટન્ટસ'', મુંબઈ ના શ્રી મુકેશભાઈ મહેતાનું ''સ્લમ ફ્રી–સુરત'' વિષય ઉપર નું પ્રેઝન્ટેશન તા. ૧૬/૦૭/૨૦૦૫ ના રોજ મહાનગરપાલિકાના નવા સ્થાયી સમિતિ ખંડમાં યોજવામાં આવેલ હતું.

શ્રી મહેતાએ જણાવ્યું કે તેઓએ ભારતની સૌથી મોટી અને ૨૧૭ હેકટેર જમીન ઉપર વસેલી ધારાવી ઝુપડપટ્ટીના સુમારે ૫૧,૦૦૦ પરિવારોનું રૂ.૫૬૦૦ કરોડ ના પ્રોજેકટ કોસ્ટથી પુર્નવસન નું કામ હાથ ધરેલ છે. નાગપુર શહેરમાં પણ જુદા–જુદા સ્થળોએ વસેલી સુમારે ૪૨૩ ઝુપડપટ્ટીઓના ૮.૧૧ લાખ લોકોનું અંદાજીત રૂ.૧૦,૦૦૦ કરોડ ના ખર્ચથી પુર્નવસન કરવાનો પ્રોજેકટ હાથ ધરેલ છે. આ ઉપરાંત મુંબઈ એરપોર્ટ ની ઝુપડપટ્ટીઓનું પુર્નવસન, જયપુર શહેરની ઝુપડપટ્ટીઓનું પુર્નવસન તેમજ બેંગ્લોર શહેરની ઝુપડપટ્ટીઓનાં પુર્નવસન ના પ્રોજેકટ હાથ ધરેલા છે.

સુરત શહેરના સંદર્ભ માં તેઓએ જણાવ્યું કે તેમણે નાગપુર શહેરના કિસ્સામાં જે રીતે ઝુપડપટ્ટીઓના પુર્નવસન ની કામગીરી કરેલી છે તે રીતે સુરત શહેર ની ઝુપડપટ્ટીઓના પુર્નવસન ની કામગીરી થઈ શકે. તેઓએ વધુમાં જણાવ્યું કે સુરત ની તમામ ઝુપડપટ્ટીઓનાં પુર્નવસનનો કુલ પ્રોજેકટ લાગત સુમારે રૂ.૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ કરોડ થઈ શકે. જે પૈકી મહાનગરપાલિકા કે ગુજરાત સરકારે માળખાકીય સુવિધાને બાદ કરતાં અન્ય કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી.

TOP

## રાંદેર ઝોન વિસ્તારમાં શહેરી આરોગ્ય કેન્દ્ર તથા વિવિધલક્ષી વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ

શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અનવ્યે સુરત મહાનગરપાલિકા દ્વારા પશ્ચિમ ઝોન (રાંદેર) અડાજણ વિસ્તારમાં સાકારિત શહેરી આરોગ્ય કેન્દ્રની ઉદઘાટનવિધિ ડો. વિનોદભાઈ એચ. શાહના વરદહસ્તે તથા વિવિધલક્ષી વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માના વરદહસ્તે તેમજ મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણના પ્રમુખપદે તા.૨૨–૦૭–૨૦૦૫ના રોજ શુક્રવારે સવારે રાખવામાં આવેલ જે પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી પંકજ જોષીએ જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા ધ્વારા રાંદેરઝોન વિસ્તારમાં અયોધ્યાનગરી રો હાઉસની સ ામે, વીર ભગતસિંહ માર્ગ પર ૧૩૨૫ ચો. મી.




ક્ષેત્રફળ ધરાવતુ રૂા.૪૪.૬૦ લાખ ના ખર્ચે અત્યંત આધુનિક આરોગ્ય કેન્દનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે. જેમાં ઓપરેશન થીયેટર, ઈન્ડોર દર્દી અને આઉટડોર દર્દીઓની વ્યવસ્થા કરવામાં આવેલ છે. પ્રથમ માળે ડોકટર તથા નર્સ કવાટર્સની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આ આરોગ્ય કેન્દ્રની સુવિધાથી રાંદેરઝોનના તથા આજુબાજુના વિસ્તારને આરોગ્યલક્ષી પ્રાથમિક સુવિધાઓ મળી રહેશે તેમજ આજ વિસ્તારમાં નવનિર્મિત વિવિધલક્ષી વાંચનાલય ૧૧૦૦ ચો. મી. ક્ષેત્રફળ ધરાવતુ રૂા. પર લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. રાંદેરઝોન વિસ્તારમાં સૌપ્રથમ આ મોટુ વાં ચનાલય છે. આ વાંચનાલયમાં ભોંયતળીયે મુખ્ય હોલ, બાળવિભાગ (વાંચનકક્ષ),દૈનિક પેપર/ સામાયિક વિભાગ, મુખ્ય પુસ્તક ભંડાર, ગ્રંથપાલ ઓફીસ તેમજ પ્રથમ માળે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ વાંચનકક્ષ, તાંત્રિક વિભાગ, સમિતિ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ વાંચનાલય ઘોંઘાટથી દૂર એવા શાંત વિસ્તારમાં રાખવામાં આવેલ છે. જેના લીધે વાંચનાલયમાં આવતા વિદ્યાર્થીઓ અને લોકો માટે ટ્રાફીક કે ઘોંઘાટનો અવરોધ ન રહે તેવી રીતનું આયોજન કરેલ છે. આ વાંચનાલયની સુવિધાને લીધે આ વિસ્તારના અભ્યાસુ વિદ્યાર્થી તેમજ આ વિસ્તારના નગરજનોને હવે અઠવાઝોનમાં આવેલ નર્મદ લાયબ્રેરી સુધી જવું નહી પડશે અને ઘર આંગણે વાંચનાલયની સુવિધા મળી રહેશે. અત્યંત આધુનિક વાંચનાલયનો વધુમાં વધુ નગરજનો ને લાભ લેવા આહવાન કર્યુ હતું.

શહેરી આરોગ્ય કેન્દ્રના ઉદઘાટક શહેરના જાણીતા આંખ,કાન, નાકના સ્પેશીયાલીસ્ટ ડો. વિનોદભાઈ એચ. શાહે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે આ વિસ્તારના નાગરિકો માટે આરોગ્ય કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ કરાવી તે માટે સુરત મહાનગરપાલિકા અભિનંદનને પાત્ર છે. તેમજ આ આરોગ્ય કેન્દ્રમાં અદ્યતન પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાએ જે નાણાં ફાળવેલ છે તેનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો છે.



વિવિધલક્ષી વાંચનાલયના ઉદ્‌ઘાટક મુર્ધન્ય સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્મા એ તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે સુરત શહેર હવે ફકત ઔદ્યોગીક ક્ષેત્રે જ વિકાસ પા મી ને અટકી ન જતા સાહિત્ય ક્ષેત્રે પણ આ શહેર હરણફાળ ભરી રહયું છે જે ફળ સ્વરૂપે સને ૧૯૯૧માં સુરતમાં અદ્યતન "કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય" તેમજ અંધજનો માટેની 'બ્રેઈલ લાયબ્રેરી, ઈ–લાઈબ્રેરી શરૂ કરેલ છે. એટલેથી જ સંતોષ ન માનતા રાંદેર ઝોનમાં "વિવિધ લક્ષી વાંચનાલય" આ શહેરને અર્પણ કરી સમગ્ર ગુજરાતમાં સાહિત્ય ક્ષેત્રે આ સોપાન અર્પણ કરી શહેરના શાસકોએ તેમની દીર્ઘ દ્રષ્ટિનો લાભ જાહેર જનતાને મળેલ છે. આવા ઉમદા કાર્યને શીરમોર રૂપ આ પુસ્તકાલયને ભારતભરના પ્રકાંડ પંડિત સદગત પરમ સારસ્વત સ્વ.ડો.વિષ્ણુ પ્રસાદ ત્રિવેદીનું નામ જોડાય તો સુરત ધન્ય નગર બનશે અને આવા ધર્મચિંતક, નકશીખ નિતાંત, વિદ્યાપુરૂષનું નામ સાર્થક લેખાશે. પુસ્તકાલયના સતત અધ્યયનથી નાગરિકોનું ઘડતર થાય છે. આરોગ્ય કેન્દ્રો અને વાંચનાલય એ એકબીજાના પુરક છે. આરોગ્ય કેન્દ્રમાં જનતાની શારીરીક આરોગ્યની

સાર સંભાળ રાખવામાં આવશે. સાથે સાથે વાંચનાલય ધ્વારા માનવીનું મન નીરામય બને, વિચાર ઘડતર ઉચ્ચ કક્ષાનું બને એ માટે એને જગતભરના ઉત્તમ પુસ્તકો મળવા જોઈએ. હદયની સારસંભાળ પુસ્તકો ધ્વારા મળશે. સુરત એક જમાનામાં ગુજરાતનું સાંસ્કૃતિક પાટનગર કહેવાતું હતું. જે વાંચનાલયના ઉદઘાટનથી સાર્થક થયું છે. આવુ ઉમદા કાર્ય મારા હસ્તે કરાવવાના નિર્ણય બદલ હું સુરત મહાનગરપાલિકાનો આભાર માનુ છું. શહેરના નાગરિકોને આ પ્રકલ્પોનો વધુમાં વધુ સદઉપયોગ કરવા આહવાન કર્યુ હતું.

સમારંભના પ્રમુખ એવા મેયરશ્રી સ્નેહલતાબેન ચૌહાણે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અનવ્યે શહેરી આરોગ્ય કેન્દ્ર તથા વિવિધલક્ષી વાંચનાલય જેવા બે પ્રકલ્પો અડાજણ વિસ્તારને અર્પણ કરતા અત્યંત આનંદની લાગણી અનુભવું છું. આ વાંચનાલયના ઉપયોગથી નાગરિકોમાં સારા સંસ્કારનું સીંચન થશે. વધુમાં ભગવતીકુમાર શર્માના વાંચનાલયના નામકરણના સૂચન બાબતે ''ડો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી'' નું નામકરણ કરવાની જાહેરાત કરી હતી. ધોરણ ૭ પછી નાણાંના અભાવે વધુ અભ્યાસ ન કરી શકતા બાળકો માટે સુમન હાઈસ્કુલો શરૂ કરી છે. બે સુમન શાળાઓના એસ. એસ. સી. બોર્ડના પરીણામ ૧૦૦% આવેલ છે. ઉપરાંત મેડીકલનું શિક્ષણ મળી રહે તે માટે છેલ્લા ત્રણ વર્ષથી મેડીકલ કોલેજ શરૂ કરેલ છે. જેના પરિણામો પ્રેક્ષણીય આવેલ છે. ટુંક સમયમાં ફીઝીયોથેરાપી કોલેજ શરૂ કરી રહયા છે. સુરત મહાનગરપાલિકાએ શહેરની પ્રાથમિક જરૂરીયાતો પાણી, લાઈટ, ગટરની સુવિધા આપવાની સાથોસાથ ઈન્ડોર સ્ટેડીયમ, તરણ કુંડો, ઉદ્યાનો, મેડીકલ કોલેજ, સુમન હાઈસ્કુલ, જેવી સુવિધાઓ આપવા ઉપરાંત સરળ ટ્રાફિક નિયમન માટે સી. સી. રોડ બનાવવાની કામગીરી ચાલુ છે. રાજયની સાત મહાનગરપાલિકાઓમાંથી સુરત મહાનગરપાલિકાજ એક માત્ર એવી મહાનગરપાલિકા છે કે જે ઝુંપડપટ્ટીઓને ખસેડતા પહેલા પ્રાથમિક સુવિધા સાથેની વૈકલ્પિક જગ્યા ફાળવીને જ ઝુંપડપટ્ટીનું સ્થાંળતર કરે છે. તેમજ રાજય સરકારના શહેરી વિકાસ વર્ષ ઉજવવાના સંકલ્પરૂપે સુરત મહાનગરપાલિકા બે પ્રકલ્પો પ્રજાની સુખાકારી માટે અર્પણ કરેલ છે. અને સુરત મહાનગરપાલિકા સુરત ફર્સ્ટ બનવામાં અગ્રેસર થઈ રહયું છે. સુરત શહેરની વધતી જતી વસ્તી તથા સીમાઓ વધતી જતી હોવા છતાં સુરત મહાનગરપાલિકા એ વણથંભી વિકાસકુચ જારી રાખેલ છે. નર્મદ પુસ્તકાલય એ શહેરનું ઘરેણું છે. તેનું જતન કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.



અતિથિવિશેષ પદેથી ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાલાએ જણાવ્યું હતું કે પ્રાથમિક સુવિધાઓ આપવામાં સુરત મહાનગરપાલિકા સદાયે અગ્રેસર રહે છે. સુરત એક મોડેલ સીટી તરીકે વિકસી રહયું છે. સુરતનો થયેલ વિકાસ જોવા માટે દેશ વિદેશથી પ્રતિનિધિઓ આવે છે. વર્ષોથી આ વિસ્તારના લોકોની વાંચનાલય અને આરોગ્ય કેન્દ્રની માંગ હતી તે આજે બંન્ને પ્રકલ્પો પ્રજાને અર્પણ કર્યા તે આનંદ અને ગૌરવની ઘટના છે.

સમારભંના અતિથિવિશેષ પદેથી શાસક પક્ષના નેતા શ્રી પૂણેર્શભાઈ મોદીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે સને ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ તે સંદર્ભે વર્તમાન શાસકોએ છેલ્લા દશ વર્ષથી વિકાસની વણથંભી આગેકુચ જારી રાખેલ છે. સુરત મહાનગરપાલિકાએ જે વિકાસનો પાયો રચ્યો છે જે સમગ્ર ભારતમાં અગ્રેસર છે. સુરત મહાનગરપાલિકાએ ફકત રસ્તા, વીજળી, પાણી, ગટરની પ્રાથમિક સુવિધાઓ જ નહીં પરંતુ સમગ્ર ઝોનનો તુલનાત્મક અભ્યાસ કરી જે તે ઝોનમાં વાંચનાલય અને આરોગ્ય કેન્દ્રની સુવિધાઓ આપી છે. ટુંક સમયમાં રાંદેર ઝોનમાં ઓડીટોરીયમ, એકવેરીયમ, સ્પોટર્સ કોમ્પલેક્ષ જેવી સુવિધાઓ શહેરીજનોને આપવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ પ્રસંગે આભારવિધિ કરતા રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી રાજુભાઈ ગોદીવાલાએ મંચ પર બીરાજમાન મહાનુભાવો તથા સમારંભમા ઉપસ્થિત શહેરીજનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ડે.મેયરશ્રી ધીરૂભાઈ સવાણી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી પ્રવિણભાઈ નાયક, શાસકપક્ષના નેતાશ્રી પૂર્ણેશભાઈ મોદી, કમિશનરશ્રી પંકજ જોષી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, તથા અધિકારીશ્રીઓ તથા પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## મહાનગરપાલિકાને ફિઝયોથેરાપી અને નીર્સીંગ કોલેજ શરૂ કરવાની રાજય સરકારની મંજૂરી

સુરત મહાનગરપાલિકાને સ્મીમેર બાદ રાજય સરકાર ધ્વારા ફિઝીયોથેરાપી તેમજ નર્સીંગ કોલેજ પણ શરૂ કરવાની સંમતિ મળી હોવાનું મ્યુનિ. કમિ. પંકજ જોષીએ જણાવ્યું હતું.

મહાનગરપાલિકાએ બંને કોલેજોમાં ૫૦–૫૦ સીટ માટેની પુરતી તૈયારી કરી તેની મંજૂરી માટે રાજય સરકાર સમક્ષ માંગણી કરી હતી. મહાપાલિકા ધ્વારા કરવામાં આવેલી માંગણીને પગલે રાજય સરકારે ૩૦ સીટની ફિઝીયોથેરાપી કોલેજ તેમજ ૩૦ સીટની નર્સીંગ કોલેજ માટે મંજુરી આપી છે.

આ ઉપરાંત પોસ્ટ ગ્રેજયુએશન માટે પણ રાજય સરકાર ધ્વારા મંજુરી આપવામાં આવી છે. જેથી પોસ્ટ ગ્રેજયુએશન કોર્ષમાં એમસીઆઈના ઈન્સ્પેકશન માટેની તૈયારી પણ શરૂ કરવામાં આવેલ છે.

TOP

## ન.પ્રા.શિ.સ.ની  શાળાઓ માટે સાંસ્કૃતિક ભવનનું આયોજન

મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો માટે રૂા. ૩૦.૧૫ લાખના ખર્ચે અલગ સાંસ્કૃતિકભવન તૈયાર કરવા માટે બાંધકામ સમિતિએ મંજુરી આપી છે.

ગોપીપુરા–બાવાસીદી ટેકરા પરના અનામત પ્લોટ પર એક માળના મકાનમાં માળ ઉપર સાંસ્કૃતિક ભવન તૈયાર કરવામાં આવશે. ભોંયતળિયે વાંચનાલયનું  આયોજન પણ કરવામાં આવ્યું છે.

તેમજ કતારગામ ખાતે આવેલ કોમ્યુનીટી હોલની નજીક વધુ એક રૂા. પર લાખના ખર્ચે મલ્ટીપર્પઝ હોલના નિર્માણનું પણ આયોજન કરવામાં  આવ્યું છે. જેના ધ્વારા મહાનગરપાલિકાને આવક મળશે.

TOP